TATA SHAKTEE GC SHEET | JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | iSC Indian Steel Corporation Ltd. | durashine TATA BLUESCOPE STEEL
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

વર્ષોથી એક જ વિશ્વાસપાત્ર નામ
• TATA Durashine કલરકોટેડ પતરા
• TATA ગેલ્વેનાઇઝ્ડના પતરા
• JSW | મોરછાપ | Colouron+ પતરા
• JINDAL | સબરંગ તથા અન્ય બ્રાન્ડ
• ASIAN | APOLLO | NEZONE-MS | GI-PIPES
• સીમેન્ટ|પ્લાસ્ટીકના નાળવાળા|પ્લેન પતરા|સ્ક્રુ
• પોલીકાર્બોનેટ | PVC શીટ | રૂફીંગ એસેસરીઝ
દલપતરામ ઝીણાભાઈ લોખંડવાળા & કું.
• અમારી અન્ય કોઈપણ ગોડાઉન/શાખા આવેલ નથી •
C/o. લોખંડવાલા એન્ટરપ્રાઈઝ
લીમડાચોક, રાજમાર્ગ, ભાગળ નજીક, સુરત.
Mobile : 9925283880, 9825886009
E-mail : devdas2473@yahoo.co.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ પોષ સુદ ત્રીજ, મંગળવાર ૨૩ ડિસેમ્બર, ૨૦૨૫ * * * દૈનિક : ૮૯ - અંક : ૫૧

પાનાં ૧૬ કિંમત ₹ ૫.૦૦

## પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરે આખરે ભારત ભારે પડ્યાનું સ્વીકારી લીધું

# ભારત સાથેના સંઘર્ષમાં અલ્લાહે મદદ કરી : મુનીર



**અલ્લાહની** મદદ મળી ન હોત તો પરિસ્થિતિ વધુ ખરાબ થઈ હોત ; પાકિસ્તાની આર્મી ચીફ

**ભારતીય** સૈન્યએ મે મહિનામાં ઓપરેશન સિંદુર હેઠળ 11 પાકિસ્તાની એરબેઝનો નાશ કર્યો હતો

**ઈસ્લામાબાદ, તા. 22 :** પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરે મે મહિનામાં ભારત સાથેના લશ્કરી સંઘર્ષ દરમિયાન અલ્લાહ તરફથી મદદ મળી હોવાનો દાવો કર્યો છે. તેમણે કહ્યું કે અમને એવું લાગ્યું, જેના કારણે પરિસ્થિતિ સંપૂર્ણપણે વકરી ન હતી. મુનીરે 10 ડિસેમ્બરે ઈસ્લામાબાદમાં રાષ્ટ્રીય ઉલેમા પરિષદમાં આ નિવેદન આપ્યું હતું. રવિવારે સ્થાનિક ટીવી ચેનલો પર તેમના ભાષણની વિડિઓ ક્લિપ્સ બતાવવામાં આવી હતી. મુનીરે કહ્યું હતું કે અમે અલ્લાહની મદદ આવતા જોઈ, અનુભવી.

ભારતે 7 મેના રોજ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવીને ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. આ ઓપરેશન 22 એપ્રિલના રોજ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં હતું, જેમાં 26 નાગરિકો માર્યા ગયા હતા. આ પછી બંને દેશો વચ્ચે ચાર દિવસ સુધી ભારે ગોળીબાર અને લશ્કરી મુકાબલો થયો, જે 10 મેના રોજ થયેલા કરાર બાદ સમાપ્ત થયો. આ સંઘર્ષ દરમિયાન, ભારતે 11 પાકિસ્તાની એરબેઝનો નાશ કર્યો.

મુનીરના ભાષણમાં ધાર્મિક સંદર્ભો ભારે છવાયેલા રહ્યા હતા. જેમાં સેના પ્રમુખે આધુનિક પાકિસ્તાન અને 1,400 વર્ષ પહેલાં આરબ ક્ષેત્રમાં પયગંબર દ્વારા સ્થાપિત ઈસ્લામિક રાજ્ય વચ્ચે સમાનતા દર્શાવી હતી. તેમણે કુરાનમાંથી અનેક આયાતનો

...અનુસંધાન પાના 15 પર



● આજે સોમવારે વહેલી સવારે યુકેના શ્રોપશરના વ્હિચર્ચ વિસ્તારમાં ન્યૂ મિલ્સ લિફ્ટ બ્રિજ નજીક શ્રોપશર યુનિયન કેનાલની સાથે નહેરના કાંઠાનો એક ભાગ તૂટી પડ્યો, જેના પરિણામે નહેરનું પાણી બાજુની જમીનમાં વહી ગયું અને નેવિગેશન નજીક જમીન ધસી પડી. આ ભંગાણના પરિણામે આશરે ૫૦ x ૫૦ મીટરનો સિંકહોલ બન્યો. જેમાં ઓછામાં ઓછી બે હોડીઓ સિંકહોલમાં ખેંચાઈ ગઈ હોવાની પુષ્ટિ થઈ હતી. અન્ય હોડીઓ નહેરના ઉપરના ભાગ પર ફસાઇ હતી. આ ઘટનામાં ઓછામાં ઓછા 10 લોકોને બચાવી લેવામાં આવ્યા હતા અને સાવચેતી તરીકે લગભગ એક ડઝન રહેવાસીઓને સ્થળાંતર કરવામાં આવ્યા હતા.

## AIના મુંબઇ જતા બોઇંગ વિમાનનું એન્જિન બંધ થતા દિલ્હી પાછું ફર્યું

**દિલ્હીથી** ઉડાન ભરી તેના થોડા સમય પછી જમણુ એન્જિન બંધ થઇ ગયેલું જણાયું

**એક કલાક** સુધી એક જ એન્જિન પર ઉડ્યું, દિલ્હી પરત ફરીને ઇમરજન્સી લેન્ડિંગ કર્યું

**વિમાનના** તમામ ૩૩૫ મુસાફરો સલામત, તપાસના આદેશ જારી

**નવી દિલ્હી, તા. 22 (PTI):** સૂત્રોના જણાવ્યા અનુસાર, સોમવારે સવારે જમણું એન્જિન બંધ થઈ જવાને કારણે મુંબઈ જતું એર ઈન્ડિયાનું બોઈંગ 777 વિમાન ઉડાન ભર્યાના એક કલાકથી પણ ઓછા સમયમાં રાષ્ટ્રીય રાજધાનીના એરપોર્ટ પર પાછું ફર્યું હતું અને તેનું ઈમરજન્સી લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું.

નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) તપાસ કરશે અને નાગરિક ઉડ્ડયન મંત્રાલયે આ ઘટના અંગે એર ઈન્ડિયા પાસેથી વિગતો માંગી છે. લગભગ 335 લોકો સાથેનું વિમાન દિલ્હી પરત ફરતા પહેલા લગભગ એક કલાક સુધી હવામાં હતું. સૂત્રોએ જણાવ્યું હતું કે, વિમાને ઈમરજન્સી લેન્ડિંગ કર્યું હતું. 22 ડિસેમ્બરે દિલ્હીથી મુંબઈ જતી ફ્લાઈટ AI887 ચલાવતા ક્રૂએ માનક સંચાલન પ્રક્રિયા મુજબ ટેકનિકલ સમસ્યાને કારણે ટેકઓફ કર્યા પછી તરત જ દિલ્હી પાછા ફરવાનો નિર્ણય લીધો હતો, એમ એર ઈન્ડિયાએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

વિમાન દિલ્હીમાં સુરક્ષિત રીતે ઉતર્યું છે અને મુસાફરો અને ક્રૂ નીચે ઉતરી ગયા છે, એમ એરલાઈને જણાવ્યું હતું અને આ અણધારી પરિસ્થિતિને કારણે થયેલી અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરી હતી. નાગરિક ઉડ્ડયન મંત્રાલયે જણાવ્યું હતું કે તેણે ટેકઓફ પછી તરત જ ટેકનિકલ સમસ્યાને લગતી એર ઈન્ડિયાની ઘટનાની નોંધ લીધી છે. મંત્રાલયે એર ઈન્ડિયા પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે, અને DGCA ને સંપૂર્ણ તપાસ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. એરલાઈન્સને મુસાફરોને તમામ સહાય પૂરી પાડવા અને તેમને આગામી ફ્લાઈટ્સમાં સમાવિષ્ટ કરવા માટે નિર્દેશ આપવામાં આવ્યો છે એમ મંત્રાલયે X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું.

## દિલ્હી ડાયરી

### બિહારના વિજયથી મોદી કરતા શાહની સ્થિતિ વધુ મજબૂત બની?

બિહાર વિધાનસભા ચૂંટણીમાં રાષ્ટ્રીય લોકશાહી ગઠબંધન (NDA)ના જંગી વિજયથી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સ્થિતિ વડા પ્રધાન નરેન્દ્ર મોદી કરતાં વધુ મજબૂત થઈ છે એવી લાગણી દિલ્હીની સત્તાની પરસાળો અને રાજકીય વર્તુળોમાં પ્રવર્તી રહી છે. શાહે બિહાર વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (ભાજપ) ના મુખ્ય રણનીતિકાર તરીકે સેવા આપી હતી અને આ અદભુત સફળતાએ પાર્ટી સંગઠન પર તેમની પકડ વધુ મજબૂત બનાવી છે. હવે તેઓ રાજકીય રીતે પ્રભાવશાળી રાજ્ય ઉત્તર પ્રદેશમાં ભાજપ પર પોતાનું નિયંત્રણ વધારવા માટે કામ કરી રહ્યા હોવાનું જાણવા મળ્યું છે. આ મહત્વાકાંક્ષાને કારણે શાહ અને રાજ્યના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ વચ્ચે ગુપ્ત ઝઘડો શરૂ થયો છે. નવા ભાજપ પ્રદેશ પ્રમુખની ચૂંટણી લાંબા સમયથી બાકી છે. જ્યારે શાહ ઇચ્છે છે કે તેમના વફાદાર નેતા પાર્ટીના રાજ્ય એકમનું નેતૃત્વ કરે, ત્યારે યોગી, જે વહીવટ અને પાર્ટી પર કડક નિયંત્રણ માટે જાણીતા છે, તેઓ તેમની

...અનુસંધાન પાના 15 પર

તા. ૨૨-૧૨-૨૦૨૫નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૦.૬° સે. | ૧૪.૨° સે. | ૭૧% |

## કાર હેઠળ સંતાડેલો બોમ્બ ફાટતા રશિયાના વરિષ્ઠ લશ્કરી અધિકારીનું મોત

**લેફ્ટેનન્ટ** જનરલ ફેનિલ સર્વારોવનું ઇજાઓથી મોત

**એક વર્ષમાં** ત્રીજા લશ્કરી અધિકારીની હત્યા, યુક્રેનનો હાથ હોવાની શંકા



**મોસ્કો, તા. 22 (AP).** સોમવારે સવારે મોસ્કોમાં એક રશિયન જનરલની કાર નીચે વિસ્ફોટક ઉપકરણ ફાટતાં તેમનું મોત થયું હતું, અને તપાસકર્તાઓએ જણાવ્યું હતું કે આ હુમલા પાછળ યુક્રેનનો હાથ હોઈ શકે છે, જે એક વર્ષમાં ત્રીજા વરિષ્ઠ લશ્કરી અધિકારીની હત્યા છે.

રશિયન સશસ્ત્ર દળોના જનરલ સ્ટાફના ઓપરેશનલ ટ્રેનિંગ ડિરેક્ટોરેટના વડા લેફ્ટનન્ટ જનરલ ફેનિલ સર્વારોવનું મૃત્યુ તેમની ઈજાઓથી થયું હતું, એમ રાષ્ટ્રની ટોચની ગુનાહિત તપાસ એજન્સી, રશિયાઝ ઈન્વેસ્ટિગેટિવ કમીટીના પ્રવક્તા સ્વેત્લાના પેટ્રેન્કોએ જણાવ્યું હતું. તપાસકર્તાઓ હત્યા અંગે અનેક દિશાએથી તપાસ કરી રહ્યા છે. આમાંથી એક એ છે કે આ ગુનો યુક્રેનિયન ગુપ્તચર સેવાઓ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો કે કેમ? એ મુજબ પેટ્રેન્કોએ જણાવ્યું હતું.

ક્રેલમિનના પ્રવક્તા દિમિત્રી પેસ્કોવે જણાવ્યું હતું કે રાષ્ટ્રપતિ

...અનુસંધાન પાના 15 પર

## ભારત-ન્યુઝીલેન્ડ વચ્ચે મુક્ત વેપાર કરારની મંત્રણાઓ સમાપ્ત

**આગામી** વર્ષના પ્રથમ છ માસમાં કરારનો અમલ શરૂ થઇ જવાની આશા, આ વર્ષ દરમ્યાન ત્રીજો મુક્ત વેપાર કરાર

**ન્યૂઝીલેન્ડની** ૯૫ ટકા જેટલી નિકાસ પરથી ભારતમાં વેરો દૂર થશે કે તેમાં છૂટછાટ મળશે, ભારતની વસ્તુઓને ન્યૂઝીલેન્ડના બજારમાં પ્રવેશ મળશે

**ન્યૂઝીલેન્ડ** દર વર્ષે ભારતના કુશળ વ્યવસાયિકો માટે ૫૦૦૦ વિઝા જારી કરશે, ૧૫ વર્ષમાં ભારતમાં ૨૦ અબજ ડોલરનું રોકાણ કરશે

**નવી દિલ્હી, તા. 22 (PTI):** ભારત અને ન્યુઝીલેન્ડે સોમવારે મુક્ત વેપાર કરાર માટે વાટાઘાટો પૂર્ણ કરવાની જાહેરાત કરી હતી જે સ્થાનિક માલ, ખાસ કરીને શ્રમ-સઘન ક્ષેત્રોમાંથી, ને ડ્યુટી-મુક્ત ઍક્સેસ આપશે, અને 15 વર્ષમાં 20 અબજ ડોલરની FDI પ્રતિબદ્ધતાનો તેમાં સમાવેશ થાય છે.

આ કરારથી પાંચ વર્ષમાં માલ અને સેવાઓમાં દ્વિપક્ષીય વેપારને બમણો કરીને 5 અબજ ડોલર કરવામાં મદદ મળશે તેવી અપેક્ષા છે. બીજી બાજુ, ન્યુઝીલેન્ડને ઘેટાંનું માંસ, ઊન, કોલસો અને 95 ટકાથી વધુ વનસંવર્ધન અને લાકડાની વસ્તુઓ જેવી વસ્તુઓ માટે ભારતના બજારોમાં ડ્યુટી-મુક્ત ઍક્સેસ મળશે. કરાર હેઠળ, વેલિંગ્ટનને કીવી ફળ, વાઈન, કેટલાક સીફૂડ, ચેરી, એવોકાડો, પર્સિમોન્સ, બલ્ક શિશુ ફોર્મ્યુલા, મનુકા મધ અને દૂધ આલ્બ્યુમિન જેવી ઘણી અન્ય વસ્તુઓ પર ડ્યુટી છૂટ મળશે. સેવા ક્ષેત્રની વાત કરીએ તો, ન્યુઝીલેન્ડ કુશળ વ્યવસાયોમાં ભારતીય વ્યાવસાયિકો માટે વાર્ષિક 5,000

...અનુસંધાન પાના 15 પર

### ન્યૂઝીલેન્ડની ડેરી પેદાશો પર કોઇ છૂટછાટ અપાઇ નહીં

**નવી દિલ્હી.** ભારતે દ્વિપક્ષીય મુક્ત વેપાર કરાર હેઠળ ન્યુઝીલેન્ડ માટે તેના ડેરી ક્ષેત્રમાં કોઈ આયાત જકાત છૂટછાટ આપી નથી, એમ એક અધિકારીએ સોમવારે જણાવ્યું હતું. ડેરી ક્ષેત્ર આપણા માટે સંપૂર્ણપણે લાલ રેખા છે. આ ક્ષેત્રમાં કરાર હેઠળ કોઈ ડ્યુટી છૂટછાટ નથી એમ અધિકારીએ જણાવ્યું હતું. ભારતે તેના અગાઉના તમામ

...અનુસંધાન પાના 15 પર

## બંગાળની નવી મતદારયાદીમાં વ્યાપક ભૂલો હોવાનો મમતાનો આક્ષેપ

**ચૂંટણી** પંચ ભાજપની દોરવણી હેઠળ કામ કરી રહ્યું હોવાનો બંગાળના મુખ્યમંત્રીનો આરોપ

**કોલકાતા, 22 ડિસેમ્બર (PTI).** પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ સોમવારે ચૂંટણી પંચ પર પ્રહારો કરતા આરોપ લગાવ્યો કે રાજ્યમાં SIRના ગણતરી તબક્કા પછી પ્રકાશિત થયેલા ડ્રાફ્ટ યાદીઓમાં અઢળક ભૂલો છે.

નેતાજી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે TMC ના બૂથ લેવલ એજન્ટ્સ (BLAs) ની બેઠકને સંબોધતા, તેમણે SIRને A થી Z સુધીની ભૂલોથી ભરેલી કવાયત ગણાવી હતી. બેનર્જીએ ચૂંટણી પેનલ પર તેના કાર્યાલયમાં BJP એજન્ટને રાખવા અને તેની સલાહ મુજબ મતદાર યાદીમાં ફેરફાર કરવાનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે આરોપ લગાવ્યો કે ચૂંટણી પંચ(EC) રાજ્ય સરકારને જાણ કર્યા વિના

...અનુસંધાન પાના 15 પર

## બાંગ્લાદેશમાં વધુ એક વિદ્યાર્થી નેતાને માથામાં ગોળી મરાઈ, હાલત ગંભીર

**વિદ્યાર્થી** નેતા અને નેશનલ સિટીઝન પાર્ટીના વર્કર્સ ફ્રન્ટના કેન્દ્રીય સંયોજક મોતાલેબ શિકદરને અજાણ્યા બંદૂકધારીઓએ માથામાં ગોળી મારી

**ઢાકા, તા. ૨૨ (PTI):** અજાણ્યા બંદૂકધારીઓએ ૨૦૨૪ના હિંસક વિદ્યાર્થી આંદોલનના બીજા એક નેતા મોતાલેબ શિકદરને આજે માથામાં ગોળી મારી હતી. આ હુમલો દક્ષિણપશ્ચિમી ખુલના શહેરમાં થયો હતો, જે પીઢ યુવા નેતા ઉસ્માન હાદીની હત્યાના કેટલાક દિવસો પછી થયો છે.

NCP (નેશનલ સિટીઝન પાર્ટી) ના ખુલના ડિવિઝનના વડા અને પાર્ટીના વર્કર્સ ફ્રન્ટના કેન્દ્રીય સંયોજક, મોતાલેબ શિકદરને થોડી મિનિટો પહેલા ગોળી મારી દેવામાં આવી છે, એમ NCP ના સંયુક્ત મુખ્ય સંયોજક મહમુદા મિતુએ ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું. એક ડોક્ટર એવા મિતુએ જણાવ્યું હતું કે શિકદરને ગંભીર હાલતમાં ખુલના મેડિકલ કોલેજ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. કાલેર કંથા નામના એક અખબારે હોસ્પિટલના સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે શિકદરને માથાના ડાબા ભાગમાં ગોળી વાગી હતી, અને જ્યારે તેમને ઈસ્પિતાલમાં લાવવામાં આવ્યા ત્યારે તેમનાથી ખૂબ લોહી વહેતું હતું, જ્યાં ડોક્ટરોએ તાત્કાલિક સારવાર શરૂ કરી હતી.

...અનુસંધાન પાના 15 પર

## ઉત્તર ભારતમાં હજી થોડા દિવસ ગાઢ ધુમ્મસ છવાયેલું રહેશે

**પંજાબ,** યુપી, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન વગેરે રાજ્યોમાં ચાલુ રહેલી સખત ઠંડી

**નાતાલના** દિવસે રાજધાની દિલ્હીમાં આકાશ સ્વચ્છ રહેવાની આગાહી

**નવી દિલ્હી, 22 ડિસેમ્બર (PTI).** ઉત્તર ભારતના મોટાભાગના વિસ્તારોમાં સોમવારે ભારે ઠંડીનો અનુભવ થયો હતો, જોકે લઘુત્તમ તાપમાન સામાન્ય કરતા ઓછું રહ્યું હતું. ધુમ્મસના કારણે દિલ્હીમાં, જોકે થોડા સમય માટે, અને ઉત્તર પ્રદેશ અને પંજાબના કેટલાક ભાગોમાં દશ્યતામાં ખલેલ પહોંચી હતી. ભારતીય હવામાન વિભાગ (IMD) એ 27 ડિસેમ્બર સુધી ઉત્તરીય રાજ્યોમાં ગાઢ થી ખૂબ જ ગાઢ ધુમ્મસની આગાહી કરી હતી.

રાષ્ટ્રીય રાજધાનીમાં, મહત્તમ અને લઘુત્તમ તાપમાન અનુક્રમે 16 થી 18 ડિગ્રી સેલ્સિયસ અને 8 થી 11 ડિગ્રી સેલ્સિયસ હતું. હવાનામ

...અનુસંધાન પાના 15 પર